# ❀ अप्पइन्ने जे स भिक्खू ❀

– પ્રિયમ્

ઘટના માટેનો આંચકો એ એક અભિમાન છે, કે આવું થઈ જ ન શકે. આ અભિમાન ન હોય, તો આંચકો થાય જ નહીં. અભિમાન આ છે – 'મારા ધાર્યા મુજબ જ થવું જોઈએ.' ધારણા અને ઘટના આ બે વચ્ચે જેટલું વધુ અંતર હોય, એટલો એ આંચકો વધુ મોટો હોય છે.

આંચકાને ભૂલ ન કહી શકાય, ભૂલ તો ધારણામાં છે. ધારવું એ જ ભૂલ. માટે જ આગમ કહે છે – **अप्पइन्ने** – ખરો સાધુ એ જેને કોઈ અભિપ્રાય નથી, ધારણા નથી. એક કવિએ પ્રાર્થના કરી છે –

**હરિ ! હું તો એવું માગું મોત**
**આમ થયું હોય ને**
**તેમ થયું હોત એવી**
**અંત સમયે ન હોય ગોતાગોત.**
**હરિ ! હું તો એવું માંગું મોત.**

'હોત'નો અર્થ છે કલ્પના અને કલ્પનાનો અર્થ છે શૂન્ય.

જે નથી એ છે કલ્પના.

આ છે હોત.

બરાબર આનો જ એક ભાઈ છે –

'આવું હોવું જોઈએ.'

આ પણ એક કલ્પના જ છે, જે નથી. જે છે શૂન્ય.

'ભારત અમેરિકામાં હોત તો કેવું ?'

'અમેરિકા ભારતમાં હોવું જોઈએ.'

જેવા આ વિચારો છે. તેવા જ દરેક 'હોત' અને 'હોવું જોઈએ' – ના વિચારો છે. અષ્ટાવક્રગીતામાં આ રોગની એક સરસ દવા આપી છે – **યથાપ્રાપ્તવર્તિતા.** સહજ આવેલા સંયોગોમાં સહજ જીવન જીવવાની કળા. ભગવદ્‌ગીતા જેને **અતીતાનનુસ્મૃતિ** અને **અનાગતાનાકાંક્ષા** કહે છે, તે આ દશા છે. જેમાં સુખ સિવાય બીજું કશું જ નથી. સુખ ખાતર કલ્પના અને ધારણા કરવી, એ જીવવા ખાતર ઝેર ખાવા જેવી ઘટના છે. **अप्पइन्ने**ની અસ્મિતા મળી જાય તો સુખ આત્માને સ્વાધીન જ છે.

નોંધ :- આ લેખ-સામગ્રી જ્ઞાનપ્રસારાર્થે નિઃસ્વાર્થભાવે મોકલેલ છે. આપ એનું પ્રકાશન કરી શકો છો.

# ❁ सयणे य जणे य समो ❁

- પ્રિયમ્

જન અને સ્વજનનો ભેદ મરી જાય એટલે સાધુનો જન્મ થાય છે. **अगाराओ अणगारियं** - નું ખરું તાત્પર્ય આ જ છે. બહારનું ઘર અને ભીતરનું ઘર કથાશેષ થઈ જાય એટલે અણગારનું સર્જન થાય.

ઘર શું છે ? મારાપણાની સંવેદનાનો જે વિષય હોય તે ઘર. કેટલીક વાર મોટી ઉંમરે દીક્ષિત થયેલાઓને સાંસારિક મમત્વો છોડવા વધુ અઘરા પડતા હોય છે. માટે જ એક સ્વર્ગસ્થ ગચ્છાધિપતિશ્રી કહેતા હતા - 'ઘરડાઓ ઘર લઈને આવે છે.'

તાત્ત્વિક દૃષ્ટિએ મમત્વ એ જ ઘર છે. મળવા આવેલી વ્યક્તિ જો મને 'મારી' લાગે છે, તો એ મારું ઘર છે. કામળી મનગમતી છે, તો એ મારું ઘર છે. દેહાધ્યાસ હજી છૂટ્યો નથી તો દેહ એ મારું ઘર છે. પયન્ના આગમો કહે છે કે સાધુનું મરણ એ પંડિતમરણ છે. સાધુ એટલે પંડિત. પછી એ ભલે ને માસતુસ મુનિ હોય, તો ય એ પંડિત. શરત એટલી જ, કે એમનું ઘર છૂટી ગયું હોવું જોઈએ. ઘર લઈને બેઠેલો પ્રકાંડ વિદ્વાન કહેવાતો હોય, તો ય એ બાલ... બાળક... અણઘડ... અજ્ઞ. આચારાંગચૂલિકામાં કહ્યું છે -

**विओसिरे विण्णू अगारबंधणं**

તું વિદ્વાન હો, તો ઘરના બંધનને પૂર્ણપણે છોડી દે

આ જ તારી વિદ્વત્તાનું સૂચક લક્ષણ છે.

સ્વજન માટે વૈરાગ્યશતક કહે છે - **णिउणबंधणमेयं.**

આ એક સૂક્ષ્મબંધન છે - અદૃશ્ય પાશ. જે જીવને સંસારમાં જકડી રાખે છે.

સ્વજન કદી બહાર હોતો જ નથી. પંચસૂત્રના શબ્દોમાં - **सव्वे सत्ता पुढो पुढो** - બધાં જીવો જુદાં જુદાં છે. સ્વજનત્વ એ મનના મમત્વની નીપજ છે. **ममत्तं बंधकारणं** - અને આ મમત્વ એને બાંધી રાખે છે. આવશ્યકનિર્યુક્તિ કહે છે - તું સ્વજન અને જન - એ બંનેમાં સમાન બની જા. કારણ કે હકીકતમાં એ બંને સમાન જ છે.

નોંધ :- આ લેખ-સામગ્રી જ્ઞાનપ્રસારાર્થે નિઃસ્વાર્થભાવે મોકલેલ છે. આપ એનું પ્રકાશન કરી શકો છો.

# ❁ सहजानन्दता सेयम् ❁

- પ્રિયમ્

અકૃત્રિમ આનંદ શું વસ્તુ છે ?

આત્મરમણતામાં ઝૂમવું એટલે હકીકતમાં શું ?

મનને મન ન રહેવા દેવું એ શું ?

યોગસારમાં આ ત્રણે પ્રશ્નોનો એક જ જવાબ આપ્યો છે -

**सहजानन्दता सेयं, सैवाऽऽत्मारामता मता ।**
**उन्मनीकरणं तद्यन्, मुनेः समरसे लयः ।।**

એ જ છે સહજ આનંદ, એ જ છે આત્મરમણતા અને એ જ છે ઉન્મનીકરણ.

શું ? મુનિનો સમરસમાં લય.

ષોડશકટીકામાં કહ્યું છે - **रसशब्दो भाववाचकः** - 'રસ' આ શબ્દ અહીં ભાવવાચક છે. સમરસમાં લય એટલે સમતામાં લય. યાદ આવે નારદપરિવ્રાજક ઉપનિષદ્ -

**अद्य जातां यथा नारीं तथा षोडशवार्षिकीम्....**

નારી ચાહે આજે જન્મી હોય, ચાહે એ સોળ વર્ષની હોય કે ચાહે એ સો વર્ષની હોય, સાધુને બધું જ સરખું લાગે.

ગામ હજી ચાર ડલગા આગળની વાત કરે છે -

**जे आसवा ते परिसवा जे परिसवा ते आसवा**
**जे अणासवा ते अपरिसवा जे अपरिसवा ते अणासवा**

આશ્રવ એ સંવર. સંવર તે આશ્રવ.
અનાશ્રવ એ અસંવર. અસંવર તે અનાશ્રવ.

અધ્યાત્મસાર સ્પષ્ટતા કરે છે -

**भवनिर्वाणहेतूनां, वस्तुतो न विपर्ययः ।**
**अज्ञानादेव तद्भानं, ज्ञानी तत्र न मुह्यति ।।**

વાસ્તવમાં ભવહેતુ અને મોક્ષહેતુમાં કોઈ વિપર્યય નથી. વિપર્યાસ લાગે છે અજ્ઞાનથી. જ્ઞાની એમાં મોહાતો નથી.

યોગશતકટીકામાં આ જ ધારાનું એક ઉદ્ધરણ છે - **धर्मरागादपि मुनिरमुनिः** - ધર્મના રાગથી ય મુનિ મુનિ તરીકે મટી જાય છે. સામાયિક તો છે પરમસામ્યની દશા. અભ્યાસ સમભાવથી માંડીને આ પરમ-સમભાવ સુધીની યાત્રા એ જ અંતરંગ મોક્ષયાત્રા છે. આ જ છે આનંદયાત્રા. આ જ છે રામણ્યયાત્રા. આ જ છે ઉન્મનીભાવયાત્રા. **मुनेः समरसे लयः ।** બીજી બધી જ સાધનાઓ ખરા અર્થમાં આ અંતરંગ સાધ્યની સિદ્ધિ માટે જ છે.

નોંધ :- આ લેખ-સામગ્રી જ્ઞાનપ્રસારાર્થે નિઃસ્વાર્થભાવે મોકલેલ છે. આપ એનું પ્રકાશન કરી શકો છો.

# ❀ भवे च मोक्षे समतां श्रयन्तः ❀

- પ્રિયમ્

જે માણસ સાંભળતો જ નથી, એના માટે બધા શબ્દો સરખા જ છે. જે માણસ જોતો જ નથી, એના માટે બધા દશ્યો સરખા જ છે. ભોજનક્રિયા સાથે જેનું મન જોડાયેલું નથી, એના માટે બધાં ભોજનો સરખા જ છે. સુખ અને દુઃખ જેના માટે ઉપેક્ષાપાત્ર છે, એના માટે સંસાર અને મોક્ષ બંને સરખા જ છે. યાદ આવે અષ્ટાવક્રગીતા -

हातुमिच्छति संसारं - रागी दुःखजिहासया ।
वीतरागो हि निर्मुक्त- स्तस्मिन्नपि न खिद्यति ॥

રાગી સંસારને છોડવા ઈચ્છે છે, કારણ કે એ દુઃખને છોડવા ઇચ્છે છે. વીતરાગ રાગ અને દ્વેષથી પૂર્ણપણે મુક્ત હોય છે. માટે તેમને સંસાર માટે ય કોઈ ખેદ હોતો નથી.

विरक्तो विषयद्वेष्टा, रागी विषयलोलुपः ।
ग्रहमोक्षविहीनस्तु, न विरक्तो न रागवान् ॥

વિરાગીને વિષયોનો દ્વેષ છે. રાગીને વિષયોનો રાગ છે. પણ જેને વિષયોને લેવા કે મુકવાની કોઈ પડી જ નથી, એને નથી વિરાગ કે નથી રાગ.

આ છે વીતરાગ દશા. ત્યાગ દશા અને વિરાગ દશા એ એના પગથિયા છે. પગથિયા કદી નડતર પણ નથી હોતા અને કદી મંઝિલ પણ નથી હોતા. પગથિયા હંમેશા માધ્યમ હોય છે. નડતર છે પ્રસહ્ય ભોગ. નડતર છે રાગ. નડતર છે લોલુપતા.

નડતરો જતાં રહે, અને પગથિયાનો આદર થાય, તો એક દિવસ મંઝિલ મળવાની જ છે. શ્રુતજ્ઞાનના ઉદ્દેસા - સમુદ્દેસા - અનુજ્ઞાની વિધિ હોય છે. શેષ જ્ઞાનોની નહીં. એ રીતે ત્યાગ અને વિરાગ દશાનો પુરુષાર્થ હોય છે. વીતરાગ દશાનો નહીં. શ્રુતજ્ઞાનને માટે કરેલો પ્રબળ પુરુષાર્થ જેમ શેષ જ્ઞાનોના વિકાસને સાધી આપે છે એમ ત્યાગ-વિરાગ દશા માટે કરેલો પ્રબળ પુરુષાર્થ વીતરાગ દશાને સાધી આપે છે. વૈરાગ્યકલ્પલતા કહે છે તેમ - **भवे च मोक्षे समतां श्रयन्तः** - સંસારમાં અને મોક્ષમાં - બંનેમાં સમભાવી - આ દશા અહીં સાકાર થાય છે.

# ❀ एकान्तभद्रकम् ❀

- પ્રિયમ્

પરિમાણની પરાકાષ્ઠા એ આકાશ છે, એમ ધર્મની પરાકાષ્ઠા એ સામાયિક છે. આગમ કહે છે -

**समभावो सामाइयं ।**

સમભાવ એ સામાયિક.

નિરવચ્છિન્ન સમભાવ. નિરપવાદ સમભાવ. જ્યાં તૃણ અને મણિ સમાન છે. સુંદરી અને વાંદરી પણ સમાન છે. સુખ અને દુઃખ પણ સમાન છે અને ભવ અને મોક્ષ પણ સમાન છે.

વિકલ્પભેદના કારણે જ વસ્તુભેદનો પ્રતિભાસ થતો હોય છે. જ્યારે વિકલ્પો જ ન રહે, ત્યારે દરેક વસ્તુમાં સમાન પ્રતિભાસ જ શેષ રહે છે. વિકલ્પો વિકલ્પો તરીકે પરખાઈ જાય, પછી તેમના હોવા - ન હોવા વચ્ચે ફેર રહેતો નથી. વિકલ્પ = કલ્પના = શૂન્ય. જે નથી એ કલ્પના છે. હકીકતમાં કરેલો આભિમાનિક ઉમેરો એ કલ્પના છે.

ગુલાબજાંબુ મીઠાં છે, એ હકીકત છે. એ સારા છે એ કલ્પના છે. સ્ત્રી જુવાન છે, એ હકીકત છે. એ શુચિ છે એ કલ્પના છે. પૈસામાં ખરીદશક્તિ છે એ હકીકત છે. પૈસા સર્વસ્વ છે એ કલ્પના છે. હકીકત કદી પણ સામાયિકમાં બાધક નથી બનતી. કલ્પના જ બાધક બને છે. તત્ત્વમાંથી અતત્ત્વમાં તાણી જવાનું કામ કલ્પના જ કરતી હોય છે. અધ્યાત્મસારમાં કહ્યું છે -

कल्पनामोहितो जन्तुः शुक्लं कृष्णं च पश्यति ।
तस्यां पुनर्विलीनाया-मशुक्लाकृष्णं पश्यति ॥

કલ્પનાથી મોહિત જીવને આ સફેદ ને આ કાળું એવો ભેદ દેખાય છે. પણ કલ્પના વિખેરાઈ જાય એટલે એ જ જીવને નથી સફેદ દેખાતું કે નથી કાળું દેખાતું.

આ સ્થિતિ છે સામાયિકની. પૂર્ણ સમભાવની. પ્રશસ્ત રાગ કે પ્રશસ્ત દ્વેષ એ દશાવિશેષમાં સારા છે. જ્યારે સામાયિક એ એકાંતે સારું છે. અષ્ટક પ્રકરણ આ જ વાત કરે છે - **तत्तु संशुद्धेर्ज्ञेयमेकान्तभद्रकम्** - સામાયિક એ સમ્યક્ શુદ્ધિના કારણે એકાન્તે ભદ્રક છે.

નોંધ :- આ લેખ-સામગ્રી જ્ઞાનપ્રસારાર્થે નિઃસ્વાર્થભાવે મોકલેલ છે. આપ એનું પ્રકાશન કરી શકો છો.

# ❁ णिअत्तग्गह-दुक्खे ❁

- પ્રિયમ્

સુખ-દુઃખ શું છે ? સામાન્ય જનસમજ મુજબ પોતાની ઈચ્છા મુજબ થાય - એ સુખ. ઈચ્છાવિરુદ્ધ થાય એ દુઃખ. પણ ઈચ્છા જ ન હોય એ શું ? આ એક અસામાન્ય અવસ્થા છે, જેની સામાન્ય માણસ કલ્પના સુદ્ધા કરતો નથી. કદાચ કલ્પના કરે, તો એને એમાં નીરસતા લાગે છે.

શાસ્ત્રમાં એક કચ્છૂકંડૂયકની વાત આવે છે. જેને ચળ મટાડવામાં રસ નથી પણ ચળને જીવતી જ રાખીને ખંજવાળવામાં રસ છે. ચળ મટી જાય તો જીવન જ નીરસ થઈ જાય આવી એની માન્યતા છે. વાત આ છે. યોગદૃષ્ટિસમુચ્ચયમાં કહ્યું છે -

**यथा कण्डूयनेष्वेषां धीर्न कण्डूनिवर्तने ।**
**भोगाङ्गेषु तथैतेषां न तदिच्छापरिक्षये ।।**

ખંજવાળવાના સાધન - સળી વગેરેની એને શોધ છે, પણ ખરજવાની દવાની એને કોઈ જ જરૂર નથી. કદાચ એ એનાથી ગભરાય છે. એ રીતે મૂઢ જીવને ભોગસાધનોમાં રસ છે, પણ ભોગની ઈચ્છા જ જતી રહે, એમાં કોઈ રસ નથી.

પંચસૂત્ર સાધુનું એક અદ્ભુત લક્ષણ રજુ કરે છે - **णिअत्तग्गहदुक्खे** - આગ્રહ-દુઃખ-રહિત. નિરંકુશ ઈચ્છા આગ્રહમાં પરિણમે છે. ઈચ્છાની આગ બુઝાઈ જાય, તો તો વાંધો નહીં, પણ જો એમાંથી આગ્રહનો દાવાનળ ફાટી નીકળે, તો માણસ દુઃખી દુઃખી થઈ જાય. આગ્રહ એ જ દુઃખ છે. સાધુ પરમ સુખી છે. કારણ કે એ આગ્રહથી મુક્ત છે. કોઈ પણ બાબતનો આગ્રહ એ દુઃખની આમંત્રણપત્રિકા છે. એ સંસારીજીવનમાં ય નડતર છે અને ત્યાગીજીવનમાં પણ. પૂ.હરિભદ્રસૂરિ મહારાજા કહે છે -

**ग्रहः सर्वत्र तत्त्वेन, मुमुक्षूणामसङ्गतः ।**

તાત્ત્વિક દૃષ્ટિએ આગ્રહ એ જ મોક્ષમાર્ગી માટે ઉચિત નથી, પછી એ ભલે ને કોઈ પણ બાબતનો હોય. સૂક્ષ્મ પણ આગ્રહ સંસારનું કારણ બની શકે છે. પછી મુમુક્ષુ તરીકેની વાત એ માત્ર વાત બનીને રહી જાય છે.

નોંધ :- આ લેખ-સામગ્રી જ્ઞાનપ્રસારાર્થે નિઃસ્વાર્થભાવે મોકલેલ છે. આપ એનું પ્રકાશન કરી શકો છો.

# ❁ आतट्ठे जागरो होहि ❁
## इसिभासियाइं

- પ્રિયમ્

પર્વતીય પ્રદેશમાંથી સિકંદરની સેના પસાર થઈ રહી છે. સિકંદરની નજરમાં એક વૃદ્ધ મજૂર આવ્યો. ખંડણીની સોનામહોરોથી ભરેલો કોથળો ઉંચકીને એ માંડ માંડ ચડી રહ્યો છે. એ હાંફી ગયો છે. થાકી ગયો છે. એવું લાગે છે કે હવે એનાથી બિલકુલ નહીં ચડાય. ને ખરેખર, સિકંદરની સવારી એની નજીક આવી તે જ સમયે રસ્તાની એક બાજુ તે કોથળો નાંખીને એ વૃદ્ધ બેસી પડ્યો. એની મુખમુદ્રા કહી રહી હતી... બ..સ.. હવે એક પગલું પણ નહીં. સિકંદરે એને બોલાવ્યો. ને એક જ વાત કહી - જે કોથળો તે ઉપાડ્યો છે. તે હું તને ભેટ આપું છું. સવારી આગળ ચાલી. થોડી વાર પછી સિકંદરે પાછળ જોયું તો પેલો મજૂર ઝપાટાભેર ચડી રહ્યો હતો. અફ-કોર્સ, કોથળો ઉંચકીને જ.

જ્યાં સુધી એ કોથળો રાજાનો હતો, ત્યાં સુધી 'ભાર' હતો. જે ક્ષણે એ 'મારો' થઈ ગયો, એ જ ક્ષણે એનું ભારપણું મટી ગયું. સ્વાર્થમાં કદી 'બોજા'ની પ્રતીતિ હોતી જ નથી. ધર્મની પ્રત્યેક સાધના આનંદમય છે. શરત એટલી જ, કે એમાં સ્વાર્થની પ્રતીતિ હોવી જોઈએ. દેખીતી રીતે પરાર્થ પણ તાત્ત્વિક દૃષ્ટિએ તો આત્માર્થ સાથેનો જ પરાર્થ છે. આત્માર્થશૂન્ય પરાર્થ એ હકીકતમાં તાત્ત્વિક પરાર્થ પણ રહેતો નથી.

કોઈની સેવા કર્યા પછી જો મન ઉપર કર્તૃત્વનો ભાર રહેતો હોય, જેની સેવા કરી એના પર આધિપત્યની ભાવના થતી હોય, એ આપણી ધારણા મુજબ જ બોલે-ચાલે એવી અપેક્ષા જાગતી હોય, એમાં જરા પણ વિપરીત થાય, એટલે અપ્રીતિ કે આવેશ જાગતો હોય, સેવાના બદલામાં સેવ્ય તરફથી કોઈ પણ જાતના બદલાની અપેક્ષા હોય, તો આ સ્થિતિમાં સેવાનો આત્મા જ ગાયબ છે. આપણે સેવા કરી એ આપણી ભ્રમણા છે, આપણે તો સોદો કર્યો. વેપાર કર્યો.

સેવા કોના માટે ? કોઈની જરૂર, ગ્લાનત્વ, વૃદ્ધત્વ, ઉપકારિત્વ - આ બધાં નિમિત્ત છે. તથાવિધ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં આત્મહિતકારક ઔચિત્યના પાલન માટે સેવા છે. સેવા છે આપણા પોતાના આત્મા માટે. દાન છે આપણા પોતાના આત્મા માટે. શીલ છે આપણા પોતાના આત્મા માટે. તપ છે આપણા પોતાના આત્મા માટે. સમસ્ત ધર્મસાધનાનું હાર્દ છે આત્માર્થ. આત્માર્થ વિનાનો ધર્મ ધર્મ તરીકે મટી જાય છે. એ રહે છે એક બહાનું, એક વેપાર, એક વહેવાર, એક પ્રદર્શન.

થાક જ બતાવી આપે છે કે 'આત્માર્થ'માં જ ખોટ હતી. કંટાળો જ કહી આપે છે, કે આપણે 'પરાયું' સમજીને કરી રહ્યા હતાં. આશંસા જ સૂચવે છે કે ઓલ-રેડી થઈ રહેલ આત્મલાભની આપણને કાંઈ જ પડી જ નથી. નિરાશંસ દાનના સોનાના મેરુ જેટલા લાભને લાત મારીને કાંકરા જેટલી કિંમતની નામના માટે ફાંફા મારતા જીવોને જોઈને જ્ઞાનીઓને ખરેખર દયા આવી જાય છે. આંધળે બેરું કુટયું તે આનું નામ. આપણે જેની સેવા કરી, તેણે સેવાનો અવસર આપીને આપણા પર ખૂબ મોટો ઉપકાર કર્યો, એવી આંતરિક સ્તરે અનુભૂતિ થાય, હું કમાઈ ગયો ને ફાવી ગયો એવી દઢ પ્રતીતિ થાય અને ફરી ફરી આ લાભ મળે એવી હાર્દિક ઝંખના થાય, તો એ સાચી સેવા.

સમગ્ર મોક્ષમાર્ગનું હાર્દ આત્માર્થ છે. આત્માર્થ વિના મોક્ષમાર્ગ પર પ્રગતિ તો શક્ય નથી જ, પ્રવેશ પણ અશક્ય છે.

નોંધ :- આ લેખ-સામગ્રી જ્ઞાનપ્રસારાર્થે નિઃસ્વાર્થભાવે મોકલેલ છે. આપ એનું પ્રકાશન કરી શકો છો.

# It's present He is Here

- પ્રિયમ્

**કરી ઓચ્છવ સિદ્ધારથ ભૂપ નામ કરે વર્ધમાન**
**દિન દિન વાધે પ્રભુ સુરતરુ જિમ રૂપ કલા અસમાન...**

પંચકલ્યાણક સ્તવનનો સ્વાધ્યાય કરતા આજે સિદ્ધાર્થ રાજાની સંવેદના સ્પર્શી ગઈ, બાળ વર્ધમાનના પિતૃત્વની લાગણીઓમાં એ કેવા ભીંજાયા હશે ! આજે પહેલી જ વાર સિદ્ધાર્થ રાજાની આંખે પ્રભુને જોયા. અદ્ભુત એ અનુભવ...

સ્વાધ્યાય આગળ વધ્યો, પ્રભુનો બાલ્યકાળ.. દેવપરીક્ષા... પાઠશાળા... વિવાહ... બધું જ જાણે સાક્ષાત્ જોયું. શ્રેષ્ઠ કન્યાના એ શ્રેષ્ઠ વરના મુખ પર છલકતો શ્રેષ્ઠ વૈરાગ્ય... **विरक्तत्वं तदाऽपि ते...**

**છાંડ્યા રાય અંતેઉર...** સ્તબ્ધપણે હું પ્રભુની દીક્ષા જોઈ રહ્યો... જાણે એકાએક આખું દશ્ય બદલાઈ ગયું.

**ઘોર પરીષહ સાડા બાર વર્ષ જે જે સહીયા રે...**
**ઘોર અભિગ્રહ જે જે ધરિયા તે નવિ જાયે કહીયા રે...**

મારી નજરની સામે જ જંગલમાં ઊભેલા પ્રભુની ઉપર કષ્ટોની ઝડી વરસવા લાગી. સ્વાધ્યાયની મસ્તી એકાએક ગમગીની બની ગઈ. આંખમાંથી ટપોટપ આંસુઓ પડવા લાગ્યા. આગળનું એક પણ દશ્ય આંસું લૂંછનારું ન હતું.

**શૂલપાણિ ને સંગમ દેવે, ચંડકૌશિક ગોશાળે રે...**
**દીધું દુઃખ ને પાયસ રાંધી, પગ ઉપર ગોવાળે રે...**

આંસુઓની ધારાની સાથે સાથે જ વિચારોની ધારા ચાલી. જો એ સમયે હું હોત ને, તો બધું જ મુકીને ત્યાં જ જંગલમાં પ્રભુના ચરણોમાં બેસી જાત. દરેકે દરેક કષ્ટનું નિવારણ કરત. પ્રભુના કષ્ટનું નિવારણ કરવા માટે મારો જીવ આપી દેત. પણ મારા જીવતા એક પણ કષ્ટ પ્રભુ પર ન આવવા દેત.

**કાનમાં ગોપે ખિલ્લા માર્યા કાઢતા મૂકી રાટી રે**
**જે સાંભળતા ત્રિભુવન કંપ્યા પર્વતશિલા ફાટી રે**

મારા પ્રભુ આટલી વિકટ પરિસ્થિતિમાંથી પસાર થતા હોય, ને શું હું ધંધા-ધાપામાં પડ્યો હોત ? શું હું બૈરી-છોકરામાં રચ્યો-પચ્યો હોત ? શું હું એમ વિચારત કે મને અનુકૂળતા નથી ? શું હું એમ કહેત કે આમાં આપણાથી શું થઈ શકે ?

ના, હરગીઝ નહીં, ફક્ત મારો જ નહીં, દરેક જૈનનો આ જવાબ હશે. આવા સમયે તો છો ખાડામાં જાય ધંધો. ઘર ખરેખર જો ઘર હોય, તો એ મારી સાથે જોડાઈ જાય. પણ મારા પ્રભુની ઉપેક્ષા તો હું શી રીતે કરી શકું ? એમનાથી વધુ મહત્ત્વનું મારા માટે બીજું કોણ હોય ?

૨૬૦૦ વર્ષ પહેલાની આ જો-તો ની વાત એ માત્ર ભૂતકાલીન કલ્પના નથી, પણ વર્તમાનકાલીન વાસ્તવિકતા છે. પ્રભુ આજે પણ વિદ્યમાન છે. **તીર્થદેહે**, જે ઠેર ઠેર ચૂંથાઈ રહ્યો છે. પ્રભુ આજે ય જીવે છે. **સંઘદેહે**, જેની સ્થિતિ રડવું આવે એવી છે. પ્રભુ આપણી સમક્ષ જ છે. **આજ્ઞાદેહે**, જેની સામે આપણે આંખ આડા કાન કરીને મનમાની કરે રાખીએ છીએ, પ્રભુ આજે ય હાજર છે. **શ્રુતદેહે**, જેના પર ધૂળની છાવણી અને ઉધઈની ઉજાણી મંડાઈ છે. પ્રભુ આપણી સમીપ જ છે. **શ્રમણદેહે**, જે રસ્તા ઉપર ભયાનક

નોંધ :- આ લેખ-સામગ્રી જ્ઞાનપ્રસારાર્થે નિઃસ્વાર્થભાવે મોકલેલ છે. આપ એનું પ્રકાશન કરી શકો છો.

કમોતે મરી રહ્યા છે. પ્રભુ આપણી બાજુમાં જ રહે છે. **પ્રતિમાદેહે,** જે ભાડૂતી પૂજકના ગોદા ખાઈ રહ્યા છે. પ્રભુ આપણી ભીતરમાં જ છે. **શુદ્ધ-આત્મદેહે,** જેને આપણએ સતત કર્મોના કાદવથી ખરડી રહ્યા છીએ.

આજે ય છીએ આપણે અસ્થિકગ્રામના નિવાસી. આજે ય એ દેવકુલમાં એ સાત હાથની કંચનવરણી કાયા ધ્યાનમગ્ન દશામાં ઊભી છે. ને શૂલપાણિ કષ્ટોની ઝડીઓ વરસાવી રહ્યો છે. આખું ય ગામ એના 'ઘરે' છે. પોતાને પ્રભુના ભક્ત તરીકે ઓળખાવતો સિદ્ધાર્થ વ્યંતર ગાયબ હતો. આપણે ય ગાયબ છીએ. **ખરે સમયે ખરા સ્થાને આપણો ક્યાં પત્તો હોય છે ! આપણે તો બધાં મહોત્સવના મહેમાન. વિદેશમાં ઉજવાતા ફાધર્સ-મધર્સ ડે - ની જેમ મહાવીર 'જયંતિ' ઉજવી નાખનાર.**

Please come back to the past. ફરી પ્રવેશ કરીએ એ ૨૬૦૦ વર્ષ પહેલાની જો-તો-ની સંવેદનામાં... **આવા સમયે તો ખાડામાં જાય ધંધો.. ઘર ખરેખર જો ઘર હોય તો એ મારી સાથે જોડાઈ જાય. પણ મારા પ્રભુની ઉપેક્ષા તો હું શી રીતે...**

બસ, આ એ જ સમય છે. આ છે વર્તમાન. બધું જ છોડીને બેસી જઈએ મહાવીરના ચરણોમાં, નિવારણ કરીએ એના એક એક કષ્ટનું. **જીવ આપી દઈએ એના ખાતર.** આ સિવાય આ જીવનનું કોઈ કર્તવ્ય પણ નથી અને આ સિવાય આ જીવનનું કોઈ સાર્થક્ય પણ નથી.

બધું 'સમજવા' છતાં જેમને 'ઘર'નો પ્રોબ્લેમ નડે છે. તેમના માટે-એક અન્ય ધર્મનું પદ્ય-

**તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે, તો તું વૈષ્ણવ સાચો,**
**તારા સંગનો રંગ ન લાગે, તિહાં લાગી તું કાચો...**

આપણા ઘરના દરેક સભ્યના રોમે રોમે જો મહાવીર-સંવેદના રણઝણતી ન હોય. તો એને આપણી પોતાની ખામી સમજવી જોઈએ. Come, Let's correct our err. ખરેખર, આપણું જીવન ધન્ય થઈ જશે.

નોંધ :- આ લેખ-સામગ્રી જ્ઞાનપ્રસારાર્થે નિઃસ્વાર્થભાવે મોકલેલ છે. આપ એનું પ્રકાશન કરી શકો છો.

# ❁ જિનશાસનનું ગૌરવ ❁

# A *Real Diamond*

- પ્રિયમ્

દુનિયામાં ઘણા જીવો એવા હોય છે, જેઓને મન જાતમાં જ આખું જગત સમાઈ ગયું હોય છે, તો કેટલાંક જીવો એવા પણ હોય છે, જેમને મન જગતમાં જ જાત સમાઈ ગઈ હોય છે. **આવા જીવો પર-સેવા માટે હોંશે હોંશે પરસેવા પાડે છે, ને જાતને ઘસી ઘસીને ઉજળા થાય છે.** આ સદીનું આવું જ એક વ્યક્તિત્વ એટલે સુશ્રાવક શ્રી હીરાભાઈ સંઘવી.

કયા સમુદાયના કયા પૂજ્યો એમને નહીં જાણતા હોય એ પ્રશ્ન છે. પૂજ્યોની જુની પેઢી એમને પાલીતાણા-ગુરુકુળવાળા તરીકે ઓળખે અને નવી પેઢી એમને તલાસરીવાળા ઓળખે. ગૃહસ્થોની વાત કરીએ, તો હજારો શ્રાવકો એમને 'ગુરુ' તરીકે ઓળખે. વાપીની પાંજરાપોળવાળા એમને 'પ્રાણીરક્ષક' તરીકે ઓળખે. મુલુંડ (મુંબઈ) નો શ્રીસંઘ એમને અગ્રણી-મુરબ્બી તરીકે ઓળખે.

પોતાના જીવનના ૫૦ વર્ષ એમણે શ્રીયશોવિજયજી જૈન ગુરુકુળ (પાલીતાણા) ની સેવામાં સમર્પિત કરી દીધાં હતા. શિક્ષક અને ગૃહપતિ તરીકે તેમણે એટલી શ્રેષ્ઠ સેવા આપી કે જેને યાદ કરીને તેમના વિદ્યાર્થીઓ આજે ય ગળગળા થઈ જાય છે. **પરમ શાસન પ્રભાવક પ.પૂ. આ.દે. શ્રીમદ્વિજય રત્નસુંદર-સૂરીશ્વરજી મહારાજાથી માંડીને મોટા ગજાના ઉદ્યોગપતિઓ પણ શ્રીહીરાભાઈના હાથ નીચે શિક્ષણ અને ઘડતર પામી ચૂક્યા છે.** સી.એ. એલ.એલ.બી., એમ.બી.બી.એસ. વગેરે ઉચ્ચ ડિગ્રી પામેલા ગુરુકુળના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ નિયમિત શ્રી હીરાભાઈ પાસે આવતા, એમની સુખ-શાતા પૂછતાં અને એમના ઉપકારોને યાદ કરતાં.

ગુરુકુળમાં જોડાયા તે પૂર્વે શ્રી હીરાભાઈ પોતાના વતન વિરમગામમાં એક દવાખાનામાં કાર્ય કરતાં હતાં. એક વાર એમણે ભગવાનને પ્રાર્થના કરી. મને કોઈ તીર્થસ્થળમાં સ્થાન આપો. આ પ્રાર્થના બાદ આકસ્મિક રીતે અને ચમત્કારિક રીતે શ્રીહીરાભાઈ શ્રી સિદ્ધાચલની પરમ પાવન છાયામાં ગુરુકુળમાં જોડાઈ ગયા. પહેલા વ્યાયામ શિક્ષક તરીકે અને પછી ગૃહપતિ-નિયામક તરીકે સેવા આપી. દવાખાનાની પોતાની પ્રેકટીસનો તેમણે વિદ્યાર્થીઓની સારવાર-સેવામાં ખૂબ સારો ઉપયોગ કર્યો.

પિતાની હિતસ્વિની કઠોરતા સાથે માતાનું ભીનું ભીનું વાત્સલ્ય એ શ્રી હીરાભાઈની આગવી વિશેષતા હતી. હજારો વિદ્યાર્થીઓના હૃદયમાં આજીવન પ્રતિષ્ઠિત થઈ જવા માટે આ એક જ વિશેષતા પૂરતી હતી. **ફરજ બજાવવી જુદી વાત છે. અને ફરજમાં આત્માને ઓળઘોળ કરી દેવો એ જુદી વાત છે. આથી પણ આગળ વધીને ફરજની બહારના પણ કાર્યક્ષેત્રને નૈતિક ફરજ સમજીને સ્વૈચ્છિક રીતે જાત ઘસીને પણ તે ફરજ બજાવવી, તે અલગ વાત છે. શ્રી હીરાભાઈમાં આ તમામ સદ્‌ગુણોનો સહજ વિકાસ થયો હતો.**

એ સમયે ગુરુકુળને વાર્ષિક ૪૦,૦૦૦ રૂા. નો તોટો આવતો હતો. તે સમયે અમદાવાદ, મુંબઈ, મદ્રાસ વગેરેમાં પ્રોગ્રામો કરીને નિઃસ્વાર્થભાવે સંસ્થા માટે ફંડ એકઠું કરવા તેઓ પ્રયત્નશીલ રહેતા. સંસ્થાને મુંબઈ-ઓફિસ સંભાળવા માટે એક જવાબદાર પ્રામાણિક વ્યક્તિની જરૂર હતી. શ્રી હીરાભાઈ સંસ્થાની સેવા માટે મુંબઈ-મુલુંડ સ્થાયી થયા. રિટાયર થયા ત્યાં સુધી તો અખંડ સેવા કરી જ. રિટાયર થયા પછી પણ ઓનરરી સેવા ચાલુ જ રાખી. મુલુંડમાં સંસ્થાએ તેમને રહેવા માટે એક ફ્લેટ આપ્યો હતો. રિટાયરમેન્ટ લેતાની સાથે હીરાભાઈએ તે ઘર ખાલી કરી દીધું. અને ફ્લેટની ચાવી સંસ્થાને આપી દીધી. એમના અડોશ-પડોશના લોકોએ એમના આવા પગલા સામે ખૂબ નારાજગી દેખાડી અને કહ્યું કે ''૫૦-૫૦ વર્ષ સુધી આટલી સેવા કર્યા બાદ તો આ ફ્લેટ ઓફિસિયલ રીતે તમારો જ થઈ જાય, તમે આવું શા માટે કર્યું ?'' **મુંબઈમાં મોકાની જગ્યાએ મોંઘા ભાવનો ફ્લેટ શ્રી હીરાભાઈએ જે સહજતાથી છોડી દીધો, એ સમજવું બધાં માટે ખૂબ**

નોંધ :- આ લેખ-સામગ્રી જ્ઞાનપ્રસારાર્થે નિઃસ્વાર્થભાવે મોકલેલ છે. આપ એનું પ્રકાશન કરી શકો છો.

**અધરું હતું.** શાસ્ત્રો જેને કહે છે - **उपकृत्य भवन्ति निःस्पृहाः** - ઉપકાર કરીને બદલો પામવાની લેશ પણ સ્પૃહા ન રાખે - આ સૂક્તિ એમના જીવનમાં ચરિતાર્થ થઈ હતી.

આટલું ઓછું હોય, તેમ નિવૃત્તિ બાદ પણ સંસ્થાની માનદ્ સેવા ચાલુ રાખવી એ પરાકાષ્ઠાની પણ પરાકાષ્ઠા હતી. સંસ્થાએ મુલુંડના એ જ ફ્લેટમાં ઓફિસ બનાવી ને શ્રી હીરાભાઈ રોજ નિયમિત એ ઓફિસમાં આવતાં, ને બધી જાતની દેખ-રેખ રાખતાં.

વર્ષો વીતતા ગયા, એક દિવસ સંસ્થા સામે બહુ મોટી સમસ્યા ઊભી થઈ. પાલીતાણામાં જે ગૃહપતિ નીમવામાં આવ્યા હતા. તે તદ્દન ખોટા માણસ હતાં. તેમને ડિસમિસ કરવા છતાં તે સ્થાન છોડવા તૈયાર ન હતાં. છેવટે તેમની ખૂબ અનુચિત-ભારે માંગણી - પાંચ લાખ રૂપિયાની પૂરી કરીને સંસ્થાએ તેમને વિદાય કર્યા.

હવે નવા યોગ્ય ગૃહપતિ ન મળે, ત્યાં સુધી આ સ્થાન કોણ સંભાળે ? લગભગ ૭૫-૮૦ વર્ષની ઉંમરના આ ભીષ્મ પિતામહને સંસ્થાએ યાદ કર્યા. ને આ પિતામહ દોડી આવ્યાં. નિઃસ્વાર્થભાવે બધી જવાબદારી ઉપાડી લીધી. દિવસોના દિવસો સુધી સેવા આપી. નવા ગૃહપતિ મળ્યા. **વિદાય લેતા આ સેવકને સંસ્થાએ પગારનો ચેક ધર્યો. સેવકે હાથ જોડ્યા. હવાની આંખમાં ઝળઝળિયા આવે ને દિશાઓના કંઠે ડુમો બાઝે એવી આ ઘટના હતી. ચેક લીધા વિના સેવાના સંતોષ સાથે અને નિઃસ્વાર્થતાની ખુમારી સાથે શ્રી હીરાભાઈ પાછા ફર્યા.**

ગુરુકુળ આજે કરોડો રૂપિયાનું આસામી છે અને એક રૂપિયાનું પણ નિર્વાહ ફંડ કરવાની જરૂર રહી નથી. એના મૂળમાં આવા પવિત્ર આત્માનો પ્રભાવ માન્યા વિના છૂટકો જ નથી.

શ્રી મલ્લિનાથ જૈન તીર્થ, તલાસરીના નિર્માતા શ્રી રજનીભાઈની આગ્રહભરી વિનંતિથી શ્રી હીરાભાઈએ પોતાના જીવનના અંતિમ ૧૫ વર્ષ આ તીર્થના યોગ-ક્ષેમ માટે સમર્પિત કરી દીધાં હતાં. ગુજરાત-મહારાષ્ટ્રના બોર્ડરનું આ તીર્થ. વર્ષે ૨૦૦૦ પૂજ્યોનું આગમન. શ્રી હીરાભાઈના પાવન પગલે આ તીર્થની રોનક ફરી ગઈ. પરિવારના આગ્રહથી થોડા દિવસ માટે ય તેઓ મુંબઈ જાય, એટલે તીર્થનિર્માતાને ચિંતા થઈ જાય, આટલી તો તીર્થને એમની જરૂર હતી. શ્રી હીરાભાઈ પ્રતિદિન તીર્થમાંથી ભોજન લઈને આજુ-બાજુની આદિવાસી સ્કુલમાં જતાં. **બધાંને નવકાર બોલાવતા. સારા સંસ્કારો આપતા. ભરપેટ ભોજન કરાવતા અને માંસ વગેરે ન ખાવાની પ્રતિજ્ઞા આપતા.** આ વિસ્તારના બાળકોને નવકાર મહામંત્ર મોઢે થઈ ગયો. યુનિફોર્મ વિતરણ, ધાબળા વિતરણ, વસ્ત્ર વિતરણ, સ્ટેશનરી વિતરણ વગેરેની સાથે સાથે જિનશાસનની યથાસંભવ પ્રભાવના કરતાં આ 'હીરાચાચા' તલાસરીની નગરપાલિકા, પોલિસ, વિધાનસભ્ય, શિક્ષકો બધાના આદરણીય બન્યા હતા. વિહાર કરતા પૂજ્યોની સેવા અને એમને સુપાત્રદાન કરવા દ્વારા શ્રી હીરાભાઈએ પોતાના જીવનના અંતિમ ૧૫ વર્ષ પણ ખૂબ ખૂબ સફળ કરી દીધા હતાં. **મહાવીર જન્મ કલ્યાણકે કતલખાના બંધ રાખવા એવો આપણા દેશનો કાયદો તો છે. પણ તેનો અમલ થતો ન હતો. શ્રી હીરાભાઈએ જબરદસ્ત પ્રયત્નો કરીને એ અત્યંત પ્રતિકૂળ ક્ષેત્રમાં પણ આ કાયદાનો અમલ કરાવ્યો હતો.** તલાસરી-વાપીના હાઈવે પર કોઈ ટેમ્પો દેખાય જેમાં અબોલ જીવો હોય ને એક ધોતી-ઝબ્બા-ગાંધી ટોપી પહેરેલા ૮૬ વર્ષના સજ્જન હોય, તો એ સજ્જન શ્રી હીરાભાઈ સમજવા- આવી એમની ઓળખ હતી. કસાઈ પાસેથી છોડાવેલા જીવોને વાપી પાંજરાપોળ સુધી જાતે જઈને મુકી આવવામાં એમણે નથી તો કદી આળસ કરી, કે નથી પોતાની ઉંમરની, તબિયતની કે તડકાની પરવા કરી. **જ્યારે જ્યારે તેઓ પશુને બચાવે ત્યારે ત્યારે એક રોમહર્ષક ઘટના બનતી. એ પશુને મલ્લિનાથ દાદાના દર્શન કરાવતા, એને તિલક કરતાં. શીરો ખવડાવતા અને પછી પાંજરાપોળમાં મૂકી આવતા.**

તેમણે પોતાના ચારે પુત્રોને ધર્મસંસ્કારો આપ્યા, જેના ફળ રૂપે આજે તેમના સમગ્ર પરિવારમાં ધર્મની જ્યોત ઝળહળી રહી છે. તેમના મોટા પુત્રે સમગ્ર પરિવાર સાથે દીક્ષા લીધી છે. પુત્ર, પુત્રવધૂ, પૌત્રી

અને બે પૌત્રો - આ બધાંના સંયમજીવનની અનુમોદના કરતાં કરતાં શ્રી હીરાભાઈની છાતી છેક સુધી ગજગજ ફુલતી હતી. **જ્યારે એમને મળવા જાય ત્યારે સંયમશુદ્ધિની પ્રેરણા કરતાં અને તેમના શાસ્ત્રાભ્યાસનો રિપોર્ટ માંગતા. પોતાની પાસે કાગળમાં એમના સ્વાધ્યાયનો હિસાબ રાખતાં.** તેમના અવસાનના ત્રણેક મહિના પૂર્વે જ તેઓ અમદાવાદ આવ્યા હતા, ત્યારે પણ આ રિપોર્ટ લેવાનું ચૂક્યા ન હતાં.

ગુરૂકુળમાં શિખરબંધી દેરાસર ન બંધાય ત્યાં સુધી 'ભાત'ની બાધા એમણે અખંડપણે પાળી. જિનાલય નિર્માણ માટે ખૂબ ભોગ આપ્યો ને ગત વર્ષે જ ઉછામણી પૂર્વક એ જિનાલયની સાલગિરિમાં ધ્વજારોહણનો ય લાભ લીધો. આજીવન 'ચા'નો ત્યાગ, અનેક તપસ્યાઓ, ઉપધાન, અખંડ બેસણા, પ્રવચનશ્રવણ, અખંડ અષ્ટપ્રકારી પૂજા, અખંડ સામાયિક-પ્રતિક્રમણ, હજારો સંયમીઓની સેવા, પરિવારના પાંચ સભ્યોને દીક્ષાપ્રદાન, જીવદયા અને અનુકંપાના અઢળક સુકૃતો, આજીવન અખંડ જિનશાસનની સેવા - આ બધાં દ્વારા એમણે પોતાના જીવનને ધન્ય બનાવી દીધું. **લગભગ જીવનના છેલ્લા મહિના સુધી એમનો આ યજ્ઞ ચાલુ રહ્યો.** છેલ્લા પંદરેક દિવસની માંદગીમાં પણ મહાત્મા દ્વારા અને પરિવાર દ્વારા તેમને ખૂબ સમાધિ આપવામાં આવી. શ્રાવણ વદ ૫ ની રાતે ૧.૧૦ વાગે એમનો પાવન આત્મા દેહ છોડીને ચાલ્યો ગયો.

આજે લાખો અને કરોડો રૂપિયાના દાનો આપનારા છે, તીર્થો અને જિનાલયોના સર્જન કરનારાઓ છે. પણ 'હીરાભાઈ'નો દુકાળ છે. ક્યાં મળશે આજે આવા નિઃસ્વાર્થ સેવક ? ક્યાં મળશે આજે જાતને ઘસી દેનારા અને જાતને ઘસી દીધા પછી ય નિઃસ્પૃહ રહેનારા ? રાજનીતિમાં લખ્યું છે - **न धनसंग्रहः पुरुषसङ्ग्रहाद् बहु मन्तव्यः - ધનના સંગ્રહની ઉપેક્ષા કરીને પણ યોગ્ય વ્યક્તિનો સંગ્રહ કરવો. આ એક વચનની ઉપેક્ષાને કારણે આજે આપણા તીર્થો, વિહારધામો, પાંજરાપોળો, સંસ્થાઓ, સંઘો- બધું જ બહુધા અવ્યવસ્થાના રોગથી પીડાઈ રહ્યું છે.** 'હીરાભાઈ'ને અપેક્ષા ન હોય એ જુદી વસ્તુ છે અને સંસ્થાને કદર ન હોય એ જુદી વાત છે. પાલીતાણાની એક બીજી જૈન સંસ્થામાં આજે એક ગૃહપતિ છે. છોકરાઓને ગંદી ગાળો આપવાથી માંડીને સ્ટીલની ડોલથી માર મારવા સુધી નીચે ઉતરેલા છે. જૈનત્વના સખત વિરોધી છે. છોકરાઓને પ્રભાવના આપવા આવેલ ભાવુકોને અપમાન કરીને ભગાડી દે છે. ટ્રસ્ટી પાસે આ ફરિયાદનો આટલો જ જવાબ છે. - 'આટલા પગારમાં બીજો માણસ લાવી આપો.'

**આવી પરિસ્થિતિ દેખાય, ત્યારે હૈયું ચીરીને એક પ્રશ્ન બહાર આવે છે. - 'હીરાભાઈ' ક્યાં છે ? જિનશાસનના આજના મહત્તમ પ્રશ્નોનો ઉકેલ આ છે 'હીરાભાઈ'ઓનું નિર્માણ અને એમની 'કદર' - કરોડ રૂપિયાના દાનની કદર આપણે ત્યાં થાય છે, પણ કરોડોથી પણ જેનું મૂલ્ય ન થઈ શકે એવી સેવાની કદર કરવાનું ગજું આપણી પાસે પ્રાયઃ હોતું નથી.**

માણસોને ચૂસનારા, 'પોષાય તો રહો' - આવો નફ્ફટ જવાબ આપનારા, ભયંકર અવ્યવસ્થાઓ સામે આંખ આડા કાન કરનારા, સારા માણસો યા તો આવે જ નહીં, ને યા તો ટકે જ નહીં, આવી પરિસ્થિતિનું નિર્માણ કરનારા એવા વહીવટદારો થોડા રૂપિયા બચાવવા જતાં હકીકતમાં આખા તીર્થ/સંસ્થાને ડુબાડી રહ્યા હોય છે.

**શ્રી હીરાભાઈના જીવનમાંથી પ્રેરણા લઈને અને આપણી ભીતર 'હીરાભાઈ'નું સર્જન કરીએ એ એ પુણ્યાત્માને સાચી શ્રદ્ધાંજલિ બની રહેશે.** પરમતારક શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

# GURUKUL : My Mother

- પ. પૂ. મુનિરાજ શ્રી તત્ત્વપ્રેમવિજયજી મ.સા.

ગુરુકુળ એટલે
એ
જેના ખોળે અમે ખીલ્યા
જેની ધૂળમાં અમે રમ્યા
જ્યાં ફૂલ બનીને અમે હસ્યા
જેણે અમને
સંસ્કારની સાકર નાંખીને
શિક્ષણનું દૂધ પાયું.

જેણે અમારી એ બધી જ કાળજી કરી
જે એક મા
એક દીકરાની કાળજી કરે છે.
એ 'મા'
આજે જ્યારે સો વર્ષની થઈ રહી છે
ત્યારે એને અર્પિત કરવા માટે
કોઈ જ શબ્દ-સુમન જડતા નથી.

એક દીકરો
એની 'મા'ને શું આપી શકે ?
આપી આપીને શું આપી શકે ?
આપવાની અસ્મિતા તો 'મા'ને વરેલી હોય છે.

દીકરો કદાચ દુનિયાભરની દોલતથી
'મા'નો પાલવ ભરી દે
તો ય
'મા'ની એક હેતભરી નજરની તુલનામાં
એ બધું ય મૂલ્યહીન હોય છે.
તદ્દન મૂલ્યહીન.

હા, એ એક હકીકત છે
કે એ 'મા'ની શતાબ્દી પૂરી થઈ રહી છે.
ત્યારે આ દીકરાનું હૈયું હેલે ચડ્યું છે.
એ હૈયાની એ જ આરઝુ છે
કે 'મા' આવી એક જ શતાબ્દી નહીં
અનેક શતાબ્દીઓને પૂર્ણ કરે.

એ માત્ર જીવતી રહે એટલું જ નહીં
એના એક એક દીકરામાં એ જીવંત બને.
સમ્યક્ જ્ઞાન રૂપે..... સત્સંસ્કાર રૂપે.... વિવેક રૂપે..... સદ્ભાવના રૂપે....
પરાર્થ અને પરમાર્થ રૂપે.... ભક્તિ અને શક્તિ રૂપે.....
સેવા અને સમર્પણ રૂપે.... ત્યાગ અને વૈરાગ્ય રૂપે....
સહકાર અને ઉપકાર રૂપે.... પ્રેમ અને કરુણા રૂપે....
વ્હાલ અને વાત્સલ્ય રૂપે....

બસ,
એનો એક એક દીકરો
એનું જ રૂપ બને... એનું જ સ્વરૂપ બને...
જમાનાથી એ 'મા' ન બદલાય
પણ
એ 'મા' થી જમાનો બદલાય,
એ 'મા' ને મરુદેવા[૧] ને ત્રિશલા[૨]નું સૌભાગ્ય મળે
એ 'મા' ને પૃથ્વી[૩] ને પાહિણી[૪]નું ગૌરવ મળે,
એ 'મા' નું સર્જન
વસ્તુપાળ, તેજપાળ, જગડુશા અને ભામાશાની યાદ અપાવે.

એ 'મા' છાતી ઠોકીને કહી શકે
કે ''મારા ખોળે આવેલ મારું સંતાન
સદ્ગુણોથી સમૃદ્ધ જ હશે,
મારી સુવાસ એના સમગ્ર જીવનમાં મહેંકતી જ રહેશે...''
દીકરાની આ દુઆ
'મા' ના પાવન ચરણોમાં સાદર સાનંદ સમર્પિત.

*Happy birthday my Mother !*
*At your 100th birth day*
*many many happy returns of the day.*

*- Your Son*
(માગસર વદ ૧૪, વિ.સં.૨૦૭૨
ભીનમાલ, રાજસ્થાન)

---

૧. આદિનાથ ભગવાનના માતા ૨. મહાવીરસ્વામી ભગવાનના માતા ૩. ગૌતમસ્વામીના માતા ૪. કલિકાલ સર્વજ્ઞના માતા.